ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૮ માર્ચ, ૨૦૨૬

# અમેરિકા-ઈરાન યુદ્ધઃ ઈતિહાસનું પુનરાવર્તન, નવા ખેલાડીઓ અને 'પેટ્રોડૉલર'નાં સમીકરણો

**બહુશ્રુત**
**ચિરંતના ભટ્ટ**

છેલ્લા કેટલાય દિવસોથી આપણે સતત યુદ્ધના સમાચારોના મારા વચ્ચે દિવસો પસાર કરીએ છીએ. દરેકનો પોતાનો અભિપ્રાય છે, જેમાં હંમેશા તર્ક હોય કે ઇતિહાસની સમજ હોય એવું જરૂરી નથી. શ્વાસ અધ્ધર કરી દેતા સમાચારો અને હૃદયદ્રાવક તસવીરોને કારણે ઘણીવાર મગજ બહેર મારી જાય એવું બને. અમેરિકી વડાના વિધાનો, મૃતકોનો આંકડો અને ત્યાં ફસાયેલા લોકો વિશે સતત ચર્ચાઓ થતી રહેશે અને શું યોગ્ય હતું તેની વાતો પણ થશે.

ચર્ચાના કેન્દ્રમાં રાજકારણ હશે પણ ખરેખર મધ્ય પૂર્વમાં અમેરિકાના હસ્તક્ષેપને સમજવા માટે અર્થશાસ્ત્ર સમજવું જરૂરી છે, જે આ ઘોંઘાટમાં કદાચ ચૂકી જવાય. 1974 પછી મધ્ય પૂર્વમાં અમેરિકાનું સૈન્ય એક જ તર્કને કામે લગાડે છે; તેમાં લોકશાહી, માનવાધિકાર કે આતંકવાદ વિરોધી અભિયાનનો મુદ્દો મુખ્ય નથી, તેમાં માત્ર 'પેટ્રોડોલર'નો બચાવ જ એકમાત્ર હેતુ છે. આ એક એવું અદ્રશ્ય માળખું છે જે વોશિંગ્ટન ગમે તેટલું દેવું એકઠું કરે તો પણ અમેરિકી અર્થતંત્રને કાર્યરત રાખે

1971 માં અમેરિકન પ્રેસિડન્ટ નિક્સને જ્યારે ડોલરને સોનાથી અલગ કર્યો, ત્યારે અમેરિકાને તેની કરન્સી માટે એક નવા આધારની જરૂર હતી. 1974 માં સાઉદી અરેબિયા સાથેના એક સોદામાં આનો જવાબ મળ્યો: રિયાધ તેના ઓઈલની કિંમત માત્ર ડોલરમાં રાખશે અને તેના નફાને અમેરિકી ટ્રેઝરી બોન્ડ્સમાં રિસાયકલ કરશે. ઓપેક (OPEC) એ પણ આ જ રસ્તો અપનાવ્યો. રાતોરાત, દરેક દેશ જેને ઓઈલની જરૂર હતી, એટલે કે પૃથ્વી પરના દરેક દેશને, ઓઈલ લેતાં પહેલાં ડોલરની જરૂર પડી. અમેરિકી ચલણ માટેની વૈશ્વિક માંગ હવે સોના દ્વારા નહીં પણ 'કાળા સોના' (ઓઈલ) દ્વારા નક્કી કરાઈ.

આનો ગર્ભિત અર્થ મોટો છે, કોઈપણ દેશ જે ડોલર સિવાયના નાણાંનો ઉપયોગ કરીને ઓઈલનો વેપાર કરવા માગે એ અમેરિકી સત્તાના નાણાકીય માળખા માટે જોખમ ખડુ કરે. આવા દેશો દેખીતી રીતે જ અમેરિકા સાથેના સંઘર્ષમાં આવી પડે છે. 2000 માં સદ્દામ હુસૈને જાહેરાત કરી કે ઇરાક તેના તેલની કિંમત યુરોમાં નક્કી કરશે; તેમને 2006 માં ફાંસી આપવામાં આવી. ગદ્દાફીએ સોના પર આધારિત પાન-આફ્રિકન દીનારનો પ્રસ્તાવ મૂક્યો; 2011 માં નાટોએ હસ્તક્ષેપ કર્યો અને તે જ વર્ષે તેમની હત્યા થઈ. ઈરાને સતત તેલના બદલામાં યુઆન અને રૂપિયાનો વિનિમય કર્યો છે અને ચાર દાયકાથી ગૂંગળાવી દેતા આર્થિક યુદ્ધનો સામનો કર્યો છે.




આ કોઈ કોન્સ્પિરેસી થિયરી નથી, પણ જાહેર આર્થિક ઇતિહાસ છે. અમેરિકા મધ્ય પૂર્વમાં માત્ર અરાજકતાને કારણે હસ્તક્ષેપ કરે છે એવું નથી; તે હસ્તક્ષેપ કરે છે કારણ કે આ પ્રદેશ જો કોઈ વૈકલ્પિક ચલણ મામલે એક ન થઈ શકે, તો અમેરિકાના આર્થિક હિતો સચવાઈ જાય.

આ પ્રદેશમાં અસ્થિરતા એ નીતિની નિષ્ફળતા નથી, પણ એ નીતિનો જ એક ભાગ છે. નિક્સન પછીના દરેક પ્રમુખે આ જ વારસો સંભાળ્યો છે–બુશે તેને સ્વતંત્રતાનું નામ આપ્યું, ઓબામાએ જવાબદારીનું, જ્યારે ટ્રમ્પે 'અમેરિકા ફર્સ્ટ' કહીને શાંતિરક્ષક હોવાનો ડોળ કરવાનું બંધ કરી દીધું છે. આ અમેરિકાની વિદેશ નીતિથી અલગ નથી, પણ અમેરિકાની જે નીતિની આ સૌથી સચોટ અભિવ્યક્તિ છે.

## અમેરિકાની વૃત્તિનો ઈતિહાસ શું શીખવે છે?

ઈરાનના સર્વોચ્ચ ધાર્મિક નેતાને ટાર્ગેટ કરીને અમેરિકાએ એક બહુ જોખમી મર્યાદા ઓળંગી છે. અમેરિકાની અગાઉની સરકારોએ આવું કોઈપણ પગલું ક્યારેય નહોતું લીધું. 2020 માં સોલેઈમાનીની હત્યા થઈ ત્યારે આ પરંપરા તૂટી, પણ તેઓ સૈન્ય કમાન્ડર હતા. ઈરાનના સર્વોચ્ચ નેતા રાજકીય, લશ્કરી અને ધાર્મિક સત્તાનું પ્રતીક છે. તેમનો ખાત્મો સમગ્ર ક્રાંતિકારી વ્યવસ્થાની વૈધતા, તેના કાયદાકીય હોવા પર સવાલ ખડો કરી શકે છે. આમ થવાથી ઈરાનના પ્રોક્સી જૂથો (હિઝબુલ્લા, હુથીઓ, અને ઈરાકમાં શિયા મિલિશિયા) પરનું કેન્દ્રીય નિયંત્રણ તોડી શકે છે. આમ થવાથી આ આતંકી જૂથોને પોતાના બદઈરાદાઓને અલમાં મુકતા અટકાવવા મુશ્કેલ બની જશે.

ઇતિહાસ શીખવે છે કે જ્યારે બે સત્તાઓ (જેમ કે 6ઠ્ઠી સદીમાં બાયઝેન્ટાઇન અને સસાનિયન) વર્ચસ્વના જંગમાં એકબીજાને થકવી નાખે છે, ત્યારે એક એવો શૂન્યાવકાશ પેદા થાય છે જેમાં નવા ખેલાડીઓ ઉતરી આવે છે.

અમેરિકા અને ઈરાન 45 વર્ષથી આ જ સમીકરણમાં છે. સવાલ એ નથી કે સતત વધી રહેલો તણાવ ઈરાનનું પતન નોતરશે કે કેમ પણ સવાલ એ છે કે ઈરાન પછી જે ખાલીપો ખડો થશે એ કોણ ભરશે? કદાચ એવું મધ્ય પૂર્વ જ્યાં તુર્કી અને ગલ્ફ દેશો અને બીજા ડઝનબંધ બિન રાજ્ય સંગઠનો વચ્ચે વિખેરાયેલી સ્પર્ધા ચાલ્યા કરશે, કોઈ કેન્દ્ર નહીં હોય, યુદ્ધ વિરામ પર હસ્તાક્ષર નહીં થાય અને વાટાઘાટો કરી શકાય એવી શાંતિ પણ નહીં હોય.

### ભારત માટે વ્યૂહાત્મક કસોટીઃ


આમ તો અત્યારે વૈશ્વિક કટોકટીની જે સ્થિતિ છે તેમાં ભારત હાંસિયામાં ટાંકેલી કોઈ નાની નોંધ જેવો લાગે. આવું વિશ્લેષણ એક મોટી ભૂલ છે. બદલાયેલા વર્લ્ડ ઓર્ડરમાં ભારત સૌથી નિર્ણયાક સ્વિંગ સ્ટેટ છે. 2020માં જ્યારે સોલેઈમાનીની હત્યા થઈ હતી, ત્યારે ભારતે સત્તાવાર રીતે 'ચિંતા' વ્યક્ત કરી હતી. પરંતુ આ વખતે ઈરાનના સર્વોચ્ચ નેતા ખમેનીની હત્યા અને ત્યાંના હોસ્પિટલ-શાળાઓ પરના હુમલાઓ છતાં ભારતનું સત્તાવાર મૌન તેની બદલાતી વ્યૂહનીતિ અને ઈઝરાયેલ સાથે મજબૂત થતા સંબંધો દર્શાવે છે.

...અનુસંધાન પાના નં. 4

### બાય ધી વે

આ ઇતિહાસમાં અમેરિકા અપવાદ નથી. ટ્રમ્પની અમેરિકી સત્તા સાવ ઉઘાડી છે, સ્પષ્ટ છે, આ સરકાર મીઠાશથી કે લાગણીને નામે કંઇ બોલતી નથી. આ પહેલાં જે હતું તેમાં અમેરિકન પગલાંઓમાં પરોપકાર વર્તાતો, સ્વાર્થ નહીં. જો કે આપણે આવી સ્પષ્ટતાને શાણપણ ન માની લેવી જોઇએ. બેફામ બોલવું એ સમજદારી કે જ્ઞાન નથી. અમેરિકા ફર્સ્ટને નામે જે કરાઈ રહ્યું છે તે ખતરનાક છે. ભારત માટે સવાલ એ નથી કે કોનો પક્ષ લેવો, આપણે એ વિચારવું જોઈએ કે આપણે 2026માં કેવી વૈશ્વિક વ્યવસ્થાનો હિસ્સો બનવા માંગીએ છીએ, આપણે જે વૈશ્વિક શક્તિ બનવાનો દાવો કરીએ છીએ, એ શક્તિની જેમ ઠહેરાવથી વર્તવા તૈયાર છીએ ખરા? આપણે વ્યૂહાત્મક સ્પષ્ટતા સાથે આપણા આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને એટલા આત્મવિશ્વાસ સાથે વહેવાર કરી શકીશું જેથી કોઈપણ મહાસત્તાનો એજન્ડા આપોઆપ આપણો એજન્ડા ન બની જાય? સમયનું ચક્ર ફરે છે. તેને કોણ ચલાવે છે એ એકમાત્ર સવાલ જ અગત્યનો છે.

# ભારતે અત્યારે શું કરવું જોઈએ?




**નો નોનસેન્સ**
**રમેશ ઓઝા**

અહિંસાની, શાંતિની, વૈશ્વિક વ્યવસ્થાની, બીજાના અધિકારોની અને અન્ય માનવીય મૂલ્યોની વાત જવા દઈએ, માત્ર આપણા સ્વાર્થની વાત કરીએ તો અત્યારે જગતમાં જેની લાઠી એની ભેંસનો જે ન્યાય પ્રવર્તે છે એમાં ભારતને કોઈ ફાયદો થાય એમ છે? માત્ર સ્વાર્થનો વિચાર કરો અને કહો કે જેની લાઠી એની ભેંસના ન્યાયમાં ભારતને શું ફાયદો થાય? બીજી રીતે વિચારવું હોય તો એમ વિચારો કે બળિયાના બે ભાગના કાયદામાં કોને ફાયદો થાય અને કોને નુકસાન થાય? જે લોકો માનવીય મર્યાદા અને મૂલ્યો કરતાં તાકાત અને સ્વાર્થને સર્વોપરી માને છે તેમણે તો ખાસ આ વિષે વિચારવું જોઈએ.

જવાબ બહુ સરળ છે. જે લોકો પાસે તાકાત છે એને ફાયદો થાય અને જે લોકો પાસે તાકાત ન હોય અને નિર્બળ હોય એને એમાં નુકસાન થાય. તાકાતવાનોને સંયમ, જવાબદારી, મૂલ્યોનું અનુસરણ, વૈશ્વિક કે બંધારણીય વ્યવસ્થા, કાયદાનું રાજ, નિયમન વગેરે ગમતાં નથી. એને કારણે એને સંયમ રાખવો પડે છે અને તાકાત હોવા છતાં અને સ્વાર્થજન્ય ઈચ્છા હોવા છતાં, પણ મનમાની કરી શકતા નથી. બીજી બાજુ જે નિર્બળ છે એને એમાં સુરક્ષા મળે છે. ટૂંકમાં મૂલ્ય આધારિત સમાજ-રાજ્ય વ્યવસ્થા સબળાને અંકુશમાં રાખે છે અને નબળાને ન્યાય અને સુરક્ષા આપે છે.

હવે અહીં સવાલ ઉપસ્થિત થાય છે ભારત આમાં ક્યાં છે? સબળ છે, નિર્બળ છે કે કોઈક જગ્યાએ વચ્ચે છે? વિચારવાની આદત અને આવડત નહીં ધરાવતા હિન્દુ દેશપ્રેમીઓ કહેશે કે ભારત સબળ છે. શૌર્ય અને મહાનતાના દાવાને અંદર રહેલી લઘુતાગ્રંથિ સાથે સીધો સંબંધ છે. જેટલી લઘુતાગ્રંથિ વધારે એટલા દાવા વધારે, પણ દાવા અને વાસ્તવ બે જૂદી વસ્તુ છે. વાસ્તવિકતા એ છે કે ભારત કોઈક જગ્યાએ વચ્ચે છે. લશ્કરી તાકાતની દષ્ટિએ, આર્થિક તાકાતની દષ્ટિએ, ભૌતિક વિકાસની દષ્ટિએ અને માનવીય વિકાસ (શિક્ષણ આરોગ્ય વગેરે) ની દષ્ટિએ એમ ભારત કોઈ પણ જગ્યાએ સરસાઈ ધરાવતું નથી. માપદંડના મધ્યબિંદુથી આર્થિક બાબતે જરાક ઉપર છે અને બાકી પાછળ છે. માનવીય વિકાસમાં તો ઘણું પાછળ છે અને જો આ વાસ્તવિકતા હોય તો જેના હાથમાં લાઠી એની ભેંસના ન્યાયમાં ભારતને ફાયદો થાય કે નુકસાન? ભારતે ન્યાયી વ્યવસ્થાના પક્ષે ઊભા રહેવું જોઈએ કે માથાભારે અરાજકતાના પડખે? માત્ર સ્વાર્થની દષ્ટિએ વિચારો, મૂલ્યોને ઘડીભર બાજુએ મૂકો.

વિશ્વપ્રસિદ્ધ બ્રિટીશ ઈતિહાસકાર સાયમન શમા (Simon Schama) એ આજની પરિભાષામાં કહ્યું હતું કે રાજ્ય (સ્ટેટ) એ હાર્ડવેર છે અને અને રાષ્ટ્ર (નેશન) એ સોફ્ટવેર છે. હાર્ડવેર હોય તો જ સોફ્ટવેર કામ કરે. રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાની મીઠી કલ્પના સુકુન આપે છે, રાષ્ટ્રવાદ જુસ્સો પેદા કરે છે, એકતાની ભાવના પેદા કરે છે, પણ તેને શક્તિમાં રૂપાંતરિત કરવા માટે રાજ્ય નામનું હાર્ડવેર જોઈએ. દીર્ઘદષ્ટિ ધરાવનારા શાસકો સોફ્ટવેર કરતાં હાર્ડવેર પર વધારે ધ્યાન આપે છે. રાજ્યને તાકાતવાન બનાવવામાં રાષ્ટ્રીયતાની ભાવના મદદ કરે, પણ કેવળ રાષ્ટ્રીયતાની ભાવના કશું પેદા ન કરી શકે. જગતના ઈતિહાસ પર અને વર્તમાન પર એક નજર કરો, તમને ધ્યાનમાં આવશે કે જે શાસકોએ રાજ્યનાં હાર્ડવેર વિકસાવ્યાં અને એ દ્વારા રાજ્યને શક્તિશાળી બનાવ્યું એ શાસક એ દેશના ઘડવૈયા તરીકે ઓળખાય છે અને એ સમય જે તે દેશના સુવર્ણયુગ તરીકે ઓળખાય છે.

ના થોભો, મોઢું ફેરવી લેવાથી વાસ્તવિકતા બદલાવાની નથી. આપણે મહાનનાં બણગાં ફૂંકવાથી પણ મહાન બની શકવાના નથી. એને માટે તો રાજ્ય નામના હાર્ડવેરને મજબૂત કરવું પડે, પણ સમસ્યા એ છે કે એ તાત્કાલિક નજરે નહીં પડનારુ ધીમું કામ છે. ભાખરા નાંગલ, ઈસરો, બીએઆરસી, એઈમ્સ, આઈઆઈટી, વિજ્ઞાનસંસ્થા જેવી સંસ્થાઓ જવાહરલાલ નેહરુએ સ્થાપી કે તરત તેમની વાહવાહ નહોતી થઈ, આજ થઈ રહી છે. ત્યારે તો શંકા જ કરવામાં આવતી હતી અને નેહરુની ટીકા કરવામાં આવી હતી. લોકો ભૂખે મરે છે અને આ માણસ અમેરિકાની બરાબરી કરવા નીકળ્યો છે. આપણે મહાનની વાતો કરતા નેહરુને પણ આવડતું હતું (વર્તમાન શાસકો કરતાં વધારે સારી રીતે આવડતું હતું કારણ કે એ વિદ્વાન માણસ હતો અને ભારત અને જગતના ઈતિહાસનો અભ્યાસ કર્યો હતો), પણ તેમણે ભારતીય રાજ્યનાં હાર્ડવેર વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ ધુળધોયાનું કામ છે, જલ્દી નજરે ન ચડે એવું કામ છે, લાંબેગાળે પરિણામ આપે એવું ધીમું કામ છે અને ધાર્યું પરિણામ ન મળે કે પછી વિપરીત પરિણામ મળે એવું જોખમી કામ છે.

**ના થોભો, મોઢું ફેરવી લેવાથી વાસ્તવિકતા બદલાવાની નથી. આપણે મહાનનાં બણગાં ફૂંકવાથી પણ મહાન બની શકવાના નથી. એને માટે તો રાજ્ય નામના હાર્ડવેરને મજબૂત કરવું પડે, પણ સમસ્યા એ છે કે એ તાત્કાલિક નજરે નહીં પડનારુ ધીમું કામ છે**

પણ ઈતિહાસ આવા ધીરજ ધરનારાને, કાલ માટે આજ વાવેતર કરનારાને અને જોખમ ઉઠાવનારા શાસકને મહાન શાસક તરીકે યાદ રાખે છે. નેહરુને યાદ કર્યા વિના એ લોકોનો દિવસ જતો નથી એ શું સૂચવે છે?

...અનુસંધાન પાના નં. 7

### સિલી પોઈંટ

